## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

**સુરેશ પ્રા. ભટ્ટ**

99789-26251

*યોગ્યતામાં બધા ઉમેદવાર ખોટા જ હોય છે,*
*રાજયસભાની ગરિમા માટે ખૂબ છોટા જ હોય છે.*
*પરપોટા હોય છે બે નંબરી સંપત્તિથી ફૂલેલા -*
*એમને માટે તો સાચો નિર્ણય 'નોટા' જ હોય છે.*

**હાઈકુ**

*રગદોડાયું*
*લે-વેચ કાદવમાં*
*રાજકારણ...*

*ધાક-ધમકી*
*ની ખરીદ-બજારે*
*ગુલામ સભ્યો...*

### ચિંતન

*બાંધે દેવ તેત્રીસ કરોરી, સંવરત લોહ બંધ ગૌતીરી ।*
*રાજા સંવારે તુરિયા ચઢી, પંથી સંવારે નામ લે બઢી ॥*

**ઉપરોક્ત ચોપાઈ કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**તેત્રીસ કરોડ દેવતાઓ પણ કામ-ક્રોધ વગેરે બંધનોમાં જકડાયેલા રહ્યા છે. જ્યારે ભક્તજનો ભગવાનનું સ્મરણ કરતાં જ લોઢાની બેડીઓ જેવી જન્મ-મરણની બેડીઓ તોડીને ચાલી ગયા છે. યોગીઓ મહાત્માઓ તુર્યાવસ્થા સમાધિમાં પહોંચીને સત્પુરુષ પરમાત્માનું સ્મરણ કરે છે. મોક્ષને માર્ગ જનારા પ્રવાસી જિજ્ઞાસુ મુમુક્ષુઓ પરમેશ્વરનું સ્મરણ કરતાં-કરતાં આગળ વધે છે.**

**પ્રશ્ન એ થાય છે કે, બંધન નિત્ય બંધન છે કે, એમાંથી છૂટવાનો કોઈ માર્ગ છે? જે જીવ સત્પુરુષ પરમાત્માનું સ્મરણ કરે છે તે લોઢાની બેડી જેવા સંસાર બંધનને તોડીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. સમાધિનિષ્ઠ યોગી, જ્ઞાનિ ભક્ત, મુમુક્ષ, ઉપાસક-એ બધા સત્યલોકમાં પહોંચીને મોક્ષ મેળવે છે. સત્યલોકમાં આત્મા ફરીથી મરણનાં બંધનમાં પડતો નથી.**

### સુવિચાર

- કેવલ નામ જપને સે જો સમજા નહી જા સકતા સમજ લિયા જાતા હૈ, કેવલ નામ જપને સે, જો દેખા નહીં જા સક્તા દેખલીયા જાતા હૈ - **સંત જ્ઞાનેશ્વર**
- અક્કલ તો એ કહેવાય જેણે કોઈ દિવસ કોઈનીય નકલ ના કરી હોય તે - **સંત રોબિન**
- સોય ભરાવીને પછીથી સાંબેલું ભરાવી શકાય - **વિદુર**
- નિત્ય નિરંતર મુજ અંતર માં, તુજ વાજિંતર વાગે - **અવિનાશ વ્યાસ**
- અશ્રુઓ ના વરસાદમાં જ સમજણની ફસલ પાકે છે - **બોદ્ધિ વૃક્ષ**
- ક્રોસની પાછળ જ શેતાન ઉભેલો હોય છે - **સ્પેનીશ કહેવત**
- આજનું ઔષધ : તાંબાના વાસણમાં આખી રાત રાખેલું પાણી સવારે નરણે કોઠે પીવાથી સંધિવિમાં ફાયદો થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

એક સૂફી ફકીર એમની અનાસક્તિ અને આધ્યાત્મિકતા માટે જાણીતા હતા. આ ફકીરને મળવા એક બીજા ફકીર આવ્યા. છાવણીની આલીશાન બનાવટ જોઈ બીજા ફકીર અંજાઈ ગયા. સોનાના ખીલા સાથે તો છાવણીના દોરડાં બાંધ્યા હતા.

બીજા ફકીરે સૂફી ફકીરને કહ્યું, 'પીર સાહેબે, મેં તો આપની આધ્યાત્મિકતા અને અનાસક્તિની ઘણી વાતો સાંભળી હતી. આપને લોકો ત્યાગી અને વૈરાગી સમજે છે, પણ આપની છાવણીનો આવો બાદશાહી ઠાઠ જોઈને મને આશ્ચર્ય અને અફસોસ થાય છે. આટલી બધી સંપત્તિ હોય તેને નિઃસ્પૃહી કઈ રીતે કહી શકાય ?'

સૂફી ફકીરે જવાબ આપ્યો, 'તમે કહો તો આ બધુંય પળવારમાં છોડીને તમારી સાથે ચાલી નીકળવા તૈયાર છું.' આટલું બોલી સૂફી ફકીરે તો ઉભી થઈ ગયા અને પેલા બીજા ફકીર સાથે ચાલી નીકળ્યા. એટલી સાહજિકતાથી ભધું છોડી દીધું કે પગરખાં પહેરવા પણ ઊભા ન રહ્યા. થોડા દૂર ગયા ત્યાં બીજા ફકીરે કહ્યું, 'પીર સાહેબ હું મારું ભિક્ષા પાત્ર છાવણીમાં ભૂલી ગયો છું. તમે ઉભા રહો એ હું લઈ આવું છું.' સૂફી ફકીરે હસતાં હસતાં કહ્યું, 'તારા કટોરા એ હજી તારો પીછો છોડ્યો નથી, જયારે મારી છાવણીમાં સોનાના ખીલા હતા પણ તે જમીનમાં ખોડ્યા હતા, હૃદયમાં નહિ, બીજા ફકીરે પીર સાહેબની અનાસક્તિ ઓળખી ગયો અને વંદન કરવા લાગ્યો.'

# હવે, પરિણામલક્ષી પગલાં જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

એક તરફ રઘવાયું બની ગઈ ડોકાલા વિસ્તારમાંથી ભારતીય સૈનિકોને હટાવવા સશસ્ત્ર આક્રમણ સુધીની ધમકી આપી રહ્યું છે અને બીજી તરફ એ પાકિસ્તાની આતંકવાદીને આંતરરાષ્ટ્રીય આતંકવાદી તરીકે જાહેર થતો અટકાવવા એના વિશેષાધિકારનો ઉપયોગ કરી રહ્યું છે. તિબેટ મુદ્દે તો એને ભારત સામે વાંધો પડેલો જ છે. પંડિત જવાહરલાલ નહેરુની ભલમનસાઈનો ગેરફાયદો ઉઠાવી એ યુનોના સભ્ય તરીકે દાખલ થઈ ગયું હતું અને એ જ નહેરુ સાથે પંચશીલ કરારનો સરેઆમ દ્રોહ કરી એણે ૧૯૬૨ની સાલમાં હિમાલયમાં આગ ચાંપી હતી. અત્યારે પણ લાખ મનામણાં છતાં ચીનના આ વિસ્તારવાદી અભિગમમાં કોઈ જ ફરક નથી ફડ્યો. એણે પાકિસ્તાનને પાંખમાં લીધા પછી નેપાળ સાથે છાનગપતિયાં શરુ કર્યાં છે. ભારતની અમેરિકા અને રશિયા જેવા શક્તિશાળી દેશો ઉપરાંત જાપાન જેવા સમૃદ્ધ રાષ્ટ્ર સાથેની મિત્રતા ચીન-પાકિસ્તાન બેઉને આંખના કણાની જેમ ખૂંચે છે. એટલે એ કાશ્મીર મુદ્દે હરહંમેશ પાકિસ્તાનને ઉશ્કેરતું રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની આગવી કૂટનીતિ અનુસાર કાશ્મીરને વિકાસની રાષ્ટ્રીય કૂચમાં સામેલ કરવાનો પ્રામાણિક પુરુષાર્થ આદર્યો હતો પણ એનું કોઈ જ વિધાયક પરિણામ સાંપડ્યું નથી. મહેબૂબા મુફ્તીની પ્રાદેશિક પાર્ટી સાથે સત્તામાં ભાગીદાર અંકે કરવા પૂરતી સફળતા જરૂર સાંપડી પરંતુ કાશ્મીરમાં અગાઉ કરતાં વધુ ખરાબ પરિસ્થિતિ પ્રવર્તી રહી છે તે સર્વવિદિત છે. મહેબૂબા મુફ્તી રાષ્ટ્રીય મહાપ્રવાહથી અલગ એવું કાશ્મીરનું સ્વરુપ અકબંધ રાખવા કૃતસંકલ્પ છે. એમણે આ મુદ્દે એમનું વલણ વારંવાર સ્પષ્ટ પણ કરેલું છે. એમને કાશ્મીર ખીણમાં અલગતાવાદીની હરકતો સામે બહુ વાંધો નથી બલકે કયારેક તો તેઓ એમની જ ભાષા બોલતાં હોય એવું લાગે છે. ભાજપ માટે કાશ્મીરમાં સત્તાની ભાગીદારી કરવી તે નુકસાનીનો સોદો સાબિત થઈ રહ્યો છે, પણ સાપે છછુંદર ગળી લીધું છે. એને નથી તો એ છોડી શકતો કે નથી પચાવી શકતો. આવી વિષમ પરિસ્થિતિમાં ભાજપને એનો જૂનો ૩૭૦ની કલમ વાળો મુદ્દો તો સાવ જ વિસરાઈ ગયો છે, પણ હમણાં એના એક ધારાસભ્યે કલમ ૩૫ એ બાબતે ઊહાપોહ ઊભો કરી મહેબૂબાને ભડકાવી મૂક્યાં છે. કલમ ૩૫ એ અનુસાર કાશ્મીરમાં દેશના અન્ય કોઈ પ્રદેશનો નાગરિક વસવાટ માટે જમીન કે મકાન ખરીદી શકતો નથી. વળી કાશ્મીરની મહિલા કાશ્મીર બહારના પુરુષ સાથે લગ્ન કરે તો તેને પૈતૃક સંપત્તિ ઉપર કોઈ જ હક્ક રહેતો નથી. આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં એક કાશ્મીરી મહલાએ દાદ માગેલી છે, જેનો ચુકાદો આવે ત્યારે ખરો. પરંતુ ૩૫ એ કલમ સંસદીય કાર્યવાહી કર્યા વગર બારોબાર રાષ્ટ્રપતિના હુકમની અમલી બનાવાઈ છે, તેથી એની કાયદેસરતા જરૂર પડકારી શકાય એવી છે. ભાજપના ધારાસભ્યે ઊઠાવેલો મુદ્દો વાજબી છે, જે કલમ ૩૫ એ ને દેશ અને કાશ્મીર વચ્ચે તિરાડ તરીકે વર્ણવે છે, આજે નહીં તો કાલે, ખોટાં થાબડભાણાં કર્યા વગર તમામ રાજકીય પક્ષોએ એક અવાજે જમ્મુ - કાશ્મીરને દેશથી જુદો દરજ્જો આપતી કાયમી શિરોવેદના સમી આવી કલમો રદ કરવાની હિંમત બતાવવી પડશે. ખાલી ૩૫ એ વિશેની ચર્ચા સુદ્ધાં મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ માન્ય નથી. એમણે તો ત્યાં સુધી કહી દીધું કે જો આ કલમ સાથે ચેડાં કરવાની કોશિશ થશે તો કાશ્મીરમાં કોઈ ત્રિરંગો પકડવા તૈયાર નહીં થાય! શું આ નિવેદન રાષ્ટ્રદ્રોહનું સૂચક નથી?

# આજે એક નવા સર આવેલા, તેમણે ખૂબ મજા કરાવી

'આજે તો મજા આવી ગઈ.' રિશિતાએ કહયું.

'હા... યાર.. ખૂબ મજા પડી...' સોહમ બોલ્યો.

'પેલા સરે... એકઝામ્પલ સરસ આપ્યું. મને તો એવું લાગ્યું કે મારી જ વાત કરે છે'... હા... હા... હા... હા... બધા હસી પડયા.

શાળામાં એકવાર મોટીવેશનના તાસમાં એક વકતાને બોલાવવામાં આવ્યા. બાળકોને મજા પડે અને પ્રેરણા મળે તેવી ઘણી વાતો તેમણે કરી. બાળકો પોતાના શિક્ષકોથી બોર થઈ જતાં હોય છે. ત્યારે અઠવાડિયે-પંદર દિવસે એકાદ સારા વકતાને બોલાવીને કેટલીક સારી શાળાઓ આ પ્રયોગ કરતી હોય છે અને તેના ખૂબ સારા પરિણામો આવતાં હોય છે. તે બાબતનો આ લેખક સાક્ષી છે.

મમ્મીએ પૂછયું,' કેમ આજે બધા ખૂબ ખુશ લાગો છો ? ટીચર હોમવર્ક આપવાનું ભૂલી ગયા કે શું ?' 'અરે ના આન્ટી...' બાળકો વદ્યા

'તો ?' 'આજે એક નવા સર આવેલા. તેમણે રમત રમાડી ખૂબ મજા કરાવી.' અંગદે જવાબ આપ્યો. 'વાર્તા પણ કીધી.' રમેશે ઉમેર્યુ.

'અરે મમ્મી, અમારા ટીચરની જેમ માત્ર બોલ બોલ નો'તા કરતાં પણ અમને પણ બોલવાનું કહેતા, અમારી પાસે જવાબો માંગતા. અને કદાચ જો ખોટું પડે ને તો ઈન્સલ્ટ ન કરે. પણ પ્રોત્સાહિત કરે... તેથી બહુ જ મજા પડી.'

શાળામાં અઠવાડિયે એકાદ બહારના વકતાનું મોટીવેશનલ લેકચર ગોઠવવું આજના યુગની માંગ છે.કેટલાક ઉત્તમ શિક્ષકો પોતાના તાસમાં આ કામ બ-ખૂબી કરી લેતાં હોય છે.

બાળકો પોતાનું ધ્યેય નકકી કરી શકે તેવી મોકળાશ આપતી શાળાઓ કેટલી ? કઈ શાળાઓ શરૂઆતથી જ વિદ્યાર્થીને તેનું લક્ષ્ય નકકી કરવામાં મદદ કરે છે ? વિદ્યાર્થીઓને શું બનવું છે, શું કરવું છે, તેની સ્વતંત્રતા અને સ્પેસ કઈ શાળા આપે છે ? બધાને ભણાવી દેવું છે. શીખવાડી દેવું છે. પરંતુ કરૂણતા એ છે કે આજની પેઢીને ચીલાચાલુ કોઈ ચીજ ગમતી જ નથી. વર્ષોથી ચાલતાં અભ્યાસક્રમ અને પાઠયક્રમમાં ફેરફાર લાવ્યે જ છૂટકો !

આજની પેઢી પાછલી પેઢીઓ કરતાં વધુ સ્માર્ટ અને ઝડપી છે.એવો દરેકનો અભિપ્રાય છે,તો શિક્ષક પણ સ્માર્ટ હોવો ઘટે. હાથમાં સ્માર્ટ ફોન રાખવા માત્ર થી સ્માર્ટ શિક્ષક નથી થવાતું.? ભણાવી તો શકાય પણ સાથે સાથે વિદ્યાર્થીમાં કંઈક ઉગાડી શકાય તો શિક્ષણ સાર્થક બને. સહૃદયી શિક્ષક, વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શકિતઓને પ્રગટાવે છે.



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

**ડૉ. સંતોષ દેવકર**

મોટી ડિગ્રી મેળવી લેવાથી બાળકોના પ્રિય શિક્ષક નથી થવાતું. મેરિટમાં આવી જવાથી નોકરી મળશે પણ બાળકોનો પ્રેમ મેળવવા માટે તો બાળકોને પ્રેમ કરવાની આવડત કેળવવી પડે. સાચુ કહેવાયું છે કે પ્રેમ સે તો સારે જહાં પે અસર હોગી, અગર નહિ હોગી તો સમજો હમારી કહીં કસર હોગી. વિદ્વાન શિક્ષક કરતાં પ્રેમાળ શિક્ષક અનેક ગણો ચઢિયાતો સાબિત થાય છે. જે. કૃષ્ણમૂર્તિના મત મુજબ એ શિક્ષક નસીબદાર છે કે જેની સમક્ષ વિદ્યાર્થીઓ વિના સંકોચે પોતાની મુશ્કેલીઓ રજૂ કરી શકે છે. બાળકને શ્રધ્ધા હોય છે કે શિક્ષક મમતા અને સહાનુભૂતિપૂર્વક પોતાની વાત સાંભળશે અને હેતથી માર્ગદર્શન આપશે.ઉમાશંકર જોશી બાળકને જોઈ જે રિઝે એવા શિક્ષકને હૃદય હૃદયના વંદન કરે છે.સો વાતની એક વાત એ કે વર્ગખંડમાં કયારેય હસી ન શકનાર શિક્ષકે તાત્કાલિક અસરથી રાજીનામું આપી દેવું જોઈએ.

***મિસરી***

**મારું મસ્તક બે વ્યકિત આગળ ઝૂકે છે.**
**એક શિક્ષક**
**અને**
**બીજો ખેડૂત.(કાર્લાઈલ)**

# તું થાક્યાનો વિસામો છે, રઝળપાટનો આનંદ છે



ભાઈબંધી, દોસ્તી ઉપર કેટલું લખાયું હશે, અને હજી ઘણું લગાશે. માનવજાતનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી મિત્ર અને મિત્રતા અક્ષુણ્ણ રહેવાની એ વાતમાં બે મત નથી. જીવનમાં દરેક સ્થળે મિત્રોની જરૂર છે. માફ કરજો જીવન માટે મિત્રોની આવશ્યકતા છે.

ઉંમરના પડાવ બદલાય તેમ મિત્રોની, મિત્રતાની વ્યાખ્યા બદલાય, તાળીમિત્રો, સાથીમિત્રો, થાળીમિત્રો (સાથે બેસી જમનારા) પરિસ્થિતિના ફેરબદલ સાથે અનુકૂળતા સાધીને બે વ્યક્તિ ચાલે તો મિત્રતા વરસો-વરસ ટકે, મિત્ર કોને કહેવાય ? જે આપણી સાથે ભણતા હોય તેને ? પાડોશમાં સાથે રમતા હોય તેને ? સાથે નોકરી કરતા સહકાર્યકરને કે પછી વ્યવસાયમાં ખપ લાગતા ખપિયા વ્યક્તિને મિત્ર કહીશું ?

મિત્રની પારાશીશી, પરિણામ વ્યક્તિ વ્યક્તિ પ્રમાણે અલગ-અલગ હોય છે! ઘણા વખતથી મારે મિત્રો અને મિત્રતા વિશે લખવાની ઈચ્છા હતી, પણ કાયમ થતું કે મિત્રો પ્રત્યેની લાગણીને કાગળ પર ઉતારવમાં કાંઈ ઊણપ તો નહીં રહી જાય ને! કલાત્મક રીતે હું કેવી રીતે મિત્રો વિશે લખી શકીશ? પણ છેવટે ભાન થયું કે, લખાણ ભાવનાત્મક અને લાગણીથી નીતરતું હોય તો જ કલાત્મક લાગે છે, વિશેષણોના લટકણિયા અને અલંકારોની ભરમાર લખાણને કલાત્મકતા બક્ષે છે. ભાવનાત્મકતા નહીં! અને ભાવાવહી લખાણ જ હૃદયસ્થ બની શકે છે.

ખેર! મારા જીવનમાં મિત્રો એ 'દમના દરદી માટે જરૂરતના સમયે કામ લાગતી પાઈપ' જેવા છે. આમ જોવા જઈએ તો હું એવો વડીલ નથી બની ગયો કે જીવનનું આકલન કરી કોઈ તારણ પર આવી શકું, આજે જે જિગરજાન છે, એના પ્રત્યે દસ વર્ષના વહાણા વહી ગયા પછી, આવી લાગણી ન રહે એ શક્ય છે, પણ છતાં ગદ્ધાપચ્ચીસી પછીનો આ સમય ચાલે છે ત્યારે અત્યાર સુધીના સમય દરમિયાન થયેલા અનુભવ પરથી એમ લાગે છે કે, જીવનમાં સાચી મૂડી મિત્રની છે, મિત્રતાની છે, જો કે મને આ કલા વારસાગત મળી છે માતા-પિતા પાસેથી.

શાળા-જીવન દરમિયાન ઘણા સમય સુધી અંતર્મુખી જીવન વિતાવ્યા પછી મિત્રો અને મિત્રતાનું મહત્ત્વ અને તેની જીવનમાં જરૂરિયાત હું સમજ્યો, એનો શ્રેય મારા સર્વકાલીન શાળાકીય મિત્રોને જાય છે. મને ખબર છે શાળા, કૉલેજ પછી હવે અમે ચારેય જુદી જુદી ઘટમાળ સાથે સંકળાઈને જીવનની મુગ્ધતા વટાવીને મજાક-મસ્તીના, નિશ્ચિતતાના દિવસો પાછળ છોડીને, કલ્પનાઓના આકાશમાંથી, વાસ્તવિકતાની જમીન પર બાઈક દોડાવતા, નોકરી-ધંધો વળગીને જીવનમાં સફળતા મેળવવા સંઘર્ષ કરી રહ્યા છીએ, પણ અમે ચાર જ જીવનમાં આખરી પડાવ સુધી આ જીવનનું ઈસ્ટમેન કલબ મુવી જોતા હોઈશું એનો મને વિશ્વાસ છે.

સ્વભાવતઃ હું જલ્દી મિત્ર બની જાઉં છું, અને સામા વ્યક્તિને પણ મારી મિત્રતાના પાશમાં જકડી દેવામાં માનું છું, સહેલાઈથી મિત્ર બનાવવાની ટેવને લીધે જ મારી પાસે મિત્રોની લાંબી યાદી છે, દરેક કક્ષાએ, દરેક સંજોગોએ અલગ અલગ મિત્રો સાથે મારો વ્યવહાર સુદૃઢ રીતે સંકળાયેલો રહે તેવો મારો હંમેશા પ્રયત્ન રહ્યો છે અને રહેશે.

કૉલેજમાં કેવા મિત્રોની સોબતમાં પડ્યા છો, તેના પરથી આપણા જીવનના વહાણની દિશા નક્કી થતી હોય છે, ઘણું કરીને કૉલેજ કાળમાં વ્યસની અને અસંસ્કારી મિત્રોનો સાથ તમને ઊંડી ગર્તામાં નાખી શકે છે.

પણ મારા પર ભગવાનની સૌથી મોટી કોઈ કૃપા હોય તો મિત્રો બાબતનીછે, કૉલેજમાં પણ જે મિત્રો સાથે સંબંધ જોડાયો તેમાંના બધા કાંઈ ને કાંઈક જીવનના પાઠ શીખવવાના કારણરુપ બન્યા છે. હોસ્ટેલમાં રહેતા મિત્રો, ઘરથી દૂર વસતાં અને આત્મીયતા શોધતા તે લોકોની સાથે વિતાવેલ સમય સમગ્ર જીવનભરનું સંભારણું બની રહેવાના. કરકસરથી જીવતા, ઘરે બાપુજી પાસેથી વધુ પૈસા ન માંગવા પડે એટલે ઘણીવાર ફાકા કરતા મિત્રો પાસેથી હું ઘણું શીખ્યો છું.



**વિચારયાત્રા**

**ડૉ. જય ઓઝા**

ઘણી ધમાલ-મસ્તી કરી છે, પ્રોફેસર અને મેડમને હેરાન કર્યા છે. છતાં સરસ્વતીની સાધનામાં કચાશ નથી આવવા દીધી. મને એમ લાગે છે કે 'આપ ભલા તો જગ ભલા' એ ઉક્તિ સાર્થક છે.

માતા-પિતાએ આપેલા ઉચ્ચ સંસ્કારનો વારસો લઈને ફરતા મને એવા કોઈ લંપટ કે અસંસ્કારી મિત્રોનો ભેટો મહદ્અંશે નથી થયો, વળી કો'કવાર ભેગા થવાનું થઈ જાય તો પણ. 'પહેલી બારીશ મેં સબ રંગ ઉખડ જાતે હૈ'ની જેમ કસોટી કાળમાં આપોઆપ, વસંતમાં પણ પાનખરની જેમ ખરી પડ્યા છે.

અત્યાર સુધીના અનુભવે એમ લાગે છે કે કોઈ પણ સંબંધ ટકાવવા માટે 'જતુ કરવાની ભાવના' હોવી અત્યંત જરૂરી છે, મિત્રતામાં તો ખાસ, અપેક્ષાઓના વજન સાથે મિત્રતાની મુસાફરીમાં થાક લાગવાનો જ.

ઈશ્વરે આ મિત્રતાનો જ એક સંબંધ બાંધવાથી છૂટ આપણને આપી છે, શરુઆત પણ એમનાથી જ કરી છે, કૃષ્ણ - સુદામાની મૈત્રી, આપણને મિત્રતાનો કક્કો શ્રી કૃષ્ણે શીખવ્યો છે આપણને એને ઘૂટવાનું કામ કરવાનું છે.

સંબંધ બાંધવાની પસંદગી આપણને આપે એટલે આપણી જવાબદારી પણ વધી જાય, પણ મિત્રો બનાવવા માટે ટચૂકડી જા.ખ. નથી આપવી પડતી, કે આવા લક્ષણો ધરાવતો, આટલી ઊંચાઈ અને વજન ધરાવતા મિત્રની તારીકે જરૂર છે.

અનાયાસે કોઈ વ્યક્તિ સાથેની નિકટતા ધીમે-ધીમે ઘનિષ્ટતામાં બદલાય અને મિત્રતાનું પોટલું તૈયાર થાય. સુરેશ દલાલનું મૈત્રી કાવ્ય માણીને અલ્પવિરામ લઈએ,

તું થાક્યાનો વિસામો છે,
રઝળપાટનો આનંદછે.
તું પ્રવાસ છે, સહવાસ છે,
તું મૈત્રી છે.
હું થાકું છું ત્યારે તારી પાસે આવું છું,
હું છલકાવું છું ત્યારે તમને ગાઉં છું.
હું તને ચાહું છું.
તું મૈત્રી છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# સુખ-આનંદ-પ્રેમ-વાત્સલ્ય-જેવી સંવેદનાઓ વહેંચવાથી સતત વધે છે

'કોઈ ખાસ અવસર છે?'

'કોઈ નવી જાહેરાત થવાની છે?'

'કોઈ વ્યક્તિ વિશેષ આવવાના છે?'

આવા એક પણ સવાલ એ દિવસે એક ગેધરીંગમાં ઉપસ્થિત પૈકીના એકપણ વ્યક્તિને થતા ન હતા, કારણ કે આ રીતે દર વરસે આમ જ કારણ વિના કે નાનકડાં કારણોને અવસર બનાવવાના સી.બી.પટેલના પ્રેમપૂર્ણ સ્વભાવથી સહુ પરિચિત હતા.

આમ જુઓ તો કોઈ પ્રંગ કે ઘટના હતી જ નહિ, દર વર્ષે આ રીતે બ્રિટનથી સી.બી. પટેલ ભારત આવે ત્યારે એમના રોકાણ દરમિયાન એકવાર પારિવારિક - વ્યાવસાયિક - સામાજિક ક્ષેત્રના મિત્રોનો મેળાવડો કરે એવો જ આ અવસર હતો. 'મન મળે ત્યાં મેળો' ગીત પંક્તિની જેમ જેમની સાથે દાયકાઓથી મન મળ્યા હતા એવા સ્વજનોને બોલાવ્યા હતા અને સહુએ એક સાંજ સાંબાંધોના સરવાળાથી સભર કરી હતી, ઉપસ્થિતિએ અમદાવાદમાં....

બ્રિટનમાં રહેતી મૂળ સુરતની દીકરી નીતિ કમલ રાવ, અમદાવાદના ગાયિકા માયા દિપકના સુપુત્ર કુંજન પંચાલ, વડોદરાની દિશીતા, મનીષ રાજપૂત અને અમદાવાદની બ્રિન્દા નિલેશ પરમાર શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ માટે એમનું સન્માન સ્વજનોઓના હસ્તે કરાયું.

પત્રકાર દંપત્તિ તુષાર દવે અને ખુશાલી દવે, પ્રિન્ટ મીડિયામાં કાર્યરત વિક્રમ નાયક અને ખ્યાતિ નાયકને એમના લગ્નજીવનના આરંભે મંગળ ગૃહસ્થ જીવનના આશીર્વાદ અને શુભકામના અપાયા તો અમદાવાદની જે કોમ્પ્યુટર એન્જીનીયર ધ્વનિ જોષીના વૈવિશાળ પિયુષ શર્મા સાથે થતા તેમને પણ પારિવારિક અવસરે તેમને પણ પારિવારિક અવસરે શુભકામના પાઠવવામાં આવી.

વિશ્લેશ આચાર્યને ત્યાં પુત્ર જન્મ થયાના વધામણા રુપે એને પણ આશીર્વાદ અપાયા.

ગુજરાતના પીઢ પત્રકાર અને સામાજિક - ધાર્મિક - રાજકીય ક્ષેત્રના અભ્યાસી ભૂપત રાય પારેખની સેવાઓનું સ્મરણ કરી એમને પણ આદરપૂર્વક સન્માનિત કરાયા.

પારિવારિક સ્વજન અને દાયકાઓ જુના મિત્ર જયસુખભાઈ મહેતા અને શ્રીમતી મધુબહેન મહેતા તથા એવો જ દાયકાઓ જૂના મિત્ર, મૂળ સરોતરના રાજેન્દ્ર પટેલ અને શ્રીમતી જયશ્રીબેન પટેલનું પણ સ્વાગત - સન્માન થયું.

જાણીતા ઈતિહાસવિદ - લેખક અને પત્રકાર તથા ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ કહ્યું કે આવી ઘટનાઓ થકી જ પ્રેમમય વિશ્વ સર્જાતુ હોય છે.

ભારતના પ્રવાસે આવેલા બ્રિટનના ગુજરાતી લોર્ડ નવનીત ધોળકીયા અને લેડી એને આ અવસરે ઉપસ્થિત હોવાનો આનંદ વ્યક્ત કર્યો.



**અજવાળું - અજવાળું**

**તુષાર જોશી**

ગુલાબરાય પારેખ સહિતના અનેક સ્વજનો - પ્રિયજનો એવા હતા જેઓ ઓછામાં ઓછા બે દાયકાથી લઈને પાંચ દાયકા સુધીના પ્રેમપૂર્ણ સબંધોને જીવ્યા હતા અને એ પ્રેમને વશ થઈને જ ખાસ આવ્યા હતા. સી.બી. પટેલ જે રીતે સહુથી સાથે આત્મીયતાથી વાતો કરતા હતા લાગતું હતું કે એક એક વ્યકિત સાથેનો એમનો સંવાદ જાણે મધ મીઠો કાઠિયાવાડી ડાયરો છે. ચોમાસાની મૌસમમાં સહુ લાગણીની ભીનાશથી તરબતર થઈને છુટા પડ્યા હતા.

સાવ સામાન્ય લાગતી ઘટના કે પ્રસંગોને નિમિત્ત બનાવીને, એને વળી મણકારુપે માળામાં ગોઠવીને જયારે આવી રીતે મિલન સમારોહનું આયોજન થાય ત્યારે એક નોખી જ હકારાત્મક ઉર્જા આસપાસ અનુભવાતી હોય છે.

કોઈ કારણ વિના, બસ મળવાનું મન થયું અને મેળો ઊભો કરી દીધો!!! સહુથી સાથે વાતો કરી, હસ્યા-ભેટ્યા - આનંદ કર્યો - ભોજન કર્યા અને મૌજથી થોડા કલાકો જીવી ગયા !!! આનાથી રૂડો વધારે કયો અવસર માણસના જીવનમાં હોઈ શકે?

સુખ-આનંદ-પ્રેમ-વાત્સલ્ય - જેવી સંવેદનાઓ વહેંચવાથી સતત વધે છે અને પરિણામે એ ફેલાવનારને પણ સતત આનંદ આપે છે. આવી ઘટનાઓ આપણા જીવનમાં બનતી રહે એ જરૂરી છે અને આવું થાય છે ત્યારે મૈત્રીના - પ્રેમના સંબંધોમાં અજવાળા રેલાય છે.

● ● ●

ભેટ (ભૌતિક કે લાગણીરુપે) અને શુભકામના આપતા રહેવું અને સ્વીકારતા પણ રહેવું, એનાથી આનંદની અનુભૂતિ થશે.